ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૮-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### નેતૃત્વનું આદર્શ પ્રતીક ગણેશજી

ગણેશ ચતુર્થી ભારતીય સમાજ જીવનમાં લોકોત્સવનું સ્થાન પ્રાપ્ત કરી ચુક્યું છે. ગામેગામ અને નગરે-નગરે ગણેશોત્સવના મંડપો ઉત્સાહપૂર્વક બંધાય છે. જાણીતા સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સુધારક લોકમાન્ય તિલકે ગણેશોત્સવને સમાજ જીવન સાથે જોતરવાનું આહ્‌વાન કર્યું હતું. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ગણપતિ મહોત્સવ ઉજવવાની પહેલ લોકમાન્યજીએ કરી હતી અને આજે એ પરંપરા વધુ વ્યાપ અને વેગ સાથે વિસ્તરી રહી છે. હવે ગણેશોત્સવ માત્ર મહારાષ્ટ્રનો કે મરાઠીઓ પુરતો જ નહિ પરંતુ સમગ્ર દેશનો ઉત્સવ બની ગયો છે. ગણેશજી એક સફળ નેતૃત્વનું પ્રતીક છે. જેમને કષ્ટભંજક કહેવાય છે તો સિદ્ધિવિનાયક પણ કહેવાય છે, અનેક સ્વરૂપે ગણેશજીનો સ્વીકાર થયો છે અને અનેક સ્વરૂપે ગણેશજી પુજાયા છે. પૃથ્વી એકાત્મતાનો સંદેશ આપતું વ્યક્તિત્વ એટલે ગણપતિ. માણસના ધડ ઉપર હાથીનું માથું ગોઠવી ભગવાન શિવ અર્થાત્ કલ્યાણે જગતને એક અનોખો સંદેશો આપ્યો છે. પ્રાણી માત્રની એકાત્મતાની આ અનોખી રીતભાત ભારતીય સંસ્કૃતિની અનોખી દેન છે. દુંદાળા ગણપતિ આપણે લાડમાં કે સાહજિક રીતે બોલીએ છીએ. પરંતુ એનો આધ્યાત્મિક સંદેશ ખુબ જ સ્પષ્ટ છે. જે નેતૃત્વ કરતો હોય, અગ્રેસર હોય તેનું પેટ મોટું હોવું જોઇએ. અર્થાત્ બધા જ પ્રકારની બધી જ વાતોને પચાવવાની ક્ષમતા, પેટમાં રાખવાની ક્ષમતા જરૂરી છે. સુપડા જેવા કાન સાથે પણ અર્થ છુપાયેલો છે કે જેવું અને જેટલું જરૂરી હોય એટલું જ શ્રવણ કરવું. એટલા જ શબ્દોને પામવા. બાકીના બધા સુપડાની જેમ ઉછાળીને ફેંકી દેવા. ઝીણી ઝીણી આંખો અભિવ્યક્ત કરે છે કે સુક્ષ્મદૃષ્ટિ જરૂરી છે. નાનામાં નાની વાત કે વિગતને સુક્ષ્મતાથી જોવી, કોઇ પણ વાતને ઉપરછલ્લી રીતે ન લેતા પરંતુ ઊંડાણથી જોવાની વૃત્તિ એટલે ગણપતિવૃત્તિ. સુંઢ દ્વારા ઓછું બોલવાનું અને વધારે કામ કરવાનો સંદેશ અપાયો છે. આમ, ભગવાન ગણપતિ આદર્શ નેતૃત્વ માટેનાં મહત્ત્વના ગુણધર્મોને અભિવ્યક્ત કરે છે. ઓછું બોલવું, ઝીણવટથી જોવું, જરૂરી સાંભળવું અને બધું જ પચાવવું આટલા ગુણધર્મો ધરાવતો કોઇ પણ વ્યક્તિ આદર્શ નેતા બની શકે છે. ગણપતિ બની શકે છે. ગણપતિનો અર્થ જ એમ થાય. ગણોનો પતિ, સમુહનો નેતા. બીજી રીતે જોઇએ તો ગણપતિની ચારેય લાક્ષણિકતાઓ જેમની પાસે હોય તેમના જીવનમાં ક્યારેક વિઘ્ન આવે નહીં. અર્થાત્ આ લાક્ષણિકતાઓ વિઘ્ન હર્તાની ભૂમિકામાં છે અને છેલ્લે જો તેનો ત્રીજો અર્થ મુલવીએ તો ગણેશ જીવનની આ ચારેય લાક્ષણિકતાઓ જીવનમાં પ્રતિપાદિત થાય તો સફળતા ચોક્કસ જ મળે છે. નિષ્ફળતા ત્યાં દેખાય જ નહીં અને એટલે જ એને સિદ્ધિવિનાયકનું સ્વરૂપ કહે છે. ભારતીય સંસ્કૃતિનું અદ્‌ભૂત ચરિત્ર એટલે ભગવાન ગણેશ. શંકર અને પાર્વતીનું સંતાન. આધ્યાત્મિક દૃષ્ટિએ મુલવીએ તો કલ્યાણ અને શક્તિનું સંતાન સિદ્ધિ વિનાયક જ હોય. જયાં કલ્યાણનો ભાવ હોય અને શક્તિનો સ્વીકાર હોય ત્યાં ગણેશ હાજરાહજુર હોય. સામાજિક ઢાંચામાં માનવજીવનમાં સકારાત્મકતાથી બીજાના ભલા માટે કાર્યરત બને અને શક્તિથી અસામાજિકતાનો પ્રતિકાર કરે તો વિઘ્નહર્તા ગણપતિબાપા ભાવાત્મક રીતે પ્રેરક અને પુરક બને છે અનેક સંદેશાઓથી ભરપૂર ગણેશ ચતુર્થી આપણો લોકોત્સવ છે એટલું જ નહિં જીવનને અંદરથી સમૃદ્ધ બનાવવાનો ઉત્સવ છે.

## તેજસ્વી તારલાંઓને જલિયાણ આશિષ ટ્રોફી દ્વારા સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જલારામ સેવા સમાજ દ્વારા તા. ૨૪મી ઓગષ્ટે બપોરે ૩ વાગે વિદ્યા પુરસ્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો. સે-૨૯ના જલારામ ધામ ખાતે યોજાયેલા આ સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ અને સ્નાતક અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યાં હતાં.

આ સમારોહમાં ધોરણ-૧૦માં પ્રથમ સ્થાન મેળવનાર જીત ચંદ્રકાન્ત ઠકકર, ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહમાં કુ. કોમલ અનીલકુમાર ઠકકર તેમજ ધો-૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં આદિત્ય રાજેશકુમાર ઠકકરને જલિયાણ આશિષ ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ સમારોહમાં મહેસુલ વિભાગના સંયુકત સચિવ જે.ટી. અખાણી મુખ્ય મહેમાન તરીકે જયારે નરોડાની સિંધુ હોસ્પિટલના મેનેજીંગ ડાયરેકટર ડૉ. મહાદેવભાઈ લોહાણા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભાવનાબેન ગોકલાણી અને વિનોદભાઈ ગોકલાણી અને ડૉ. કનુભાઈ ઠકકર પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જલારામ સેવા સમાજના કારોબારી સભ્યો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.



### જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખો-ખો સ્પર્ધામાં પ્રથમ નંબરે

અન્ડર-૧૭ ખો-ખો સ્પર્ધા જિલ્લાની યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બહેનો પ્રથમ સ્થાને વિજયી બની છે. આ બહેનો રાજ્યકક્ષાએ રમવા જશે. વિજેતા ખેલાડીઓ ચૌધરી રમીલા, હંસા, શીતલ, અનિતા, રંભા, સેજલ, વિમળા, નિમિષા, મિનાક્ષી, નીતા, ભગવતી અને શ્રદ્ધા. તમામ વિજેતા બહેનોએ આચાર્યાશ્રી સંતોકબેન તથા વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન, લીલાબેન તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## સે. ૨૧ મહારાષ્ટ્ર ભવન ખાતે મફત આઈ. ચેક-અપ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

મહારાષ્ટ્ર સમાજ દ્વારા વિનામૂલ્યે આઈ. ચેકઅપ અને ડાયાબીટીશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦ ઓગસ્ટ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી મહારાષ્ટ્ર ભવન સેક્ટર-૨૧ ખાતે તેજ આઈ સેન્ટર દ્વારા યોજવામાં આવશે. કેમ્પમાં આંખની તપાસ અને ડાયાબીટીશની તપાસ વિનામૂલ્યે કરવામાં આવશે. મોટી સંખ્યામાં શહેરીજનોને લાભ લેવા જણાવ્યું છે.

### હેન્ડીક્રાફ્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮ બાશ્રી વસંતકુવરબા શાળામાં જયેશભાઈ ખોરાસિયા દ્વારા હેન્ડીક્રાફ્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિદ્યાર્થીઓને ગ્લાસ પેઈન્ટીંગ, કેમીકલ ફ્લાવર્સ, પેન મુકવાનું સ્ટેન્ડ, સ્ટોકીંગ ફ્લાવર્સ, બનાવતા શિખવાડવામાં આવ્યા હતા. વર્કશોપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી અને ઉત્સાહપૂર્વક બનાવવાની કામગીરીને નિહાળી હતી.

## હરિની દૃષ્ટિ...





ગળપતિ ફળ્યા, હવે ધના - ધન ધન કમાવવા માંડો... ખાતુ ખોલાવી દેશે..!!

## કવિ સુમંતભાઈ શાહને જન્માષ્ટમી માટે હરસાનીજી સારસ્વત સન્માન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સ. ૭માં રહતા જાણીતા કવિ સુમંતભાઈ મં. શાહને શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ-૨૦૧૪ થી નવાજવામાં આવ્યા છે. આ એવોર્ડ તેમને 'જન્માસ્ટમી' કાર્યકૃતિ માટે આપવામાં આવ્યો છે. સુમંતભાઈને સતત છેલ્લા ચાર વર્ષથી હરસાનજી સારસ્વત એવોર્ડ મળ્યો છે.

કવિ સુમંતભાઈ શાહ 'વૈષ્ણવ' અને 'બાલ સૃષ્ટિ' માસિકમાં ખૂબ જ નિયમિતરીતે કાવ્યકૃતિઓ લખતા રહ્યા છે. તેઓની આ કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિ 'જન્માષ્ટમી'ને આ એવોર્ડ માટે યોગ્ય ઠેરવાઈ હતી. કવિ સુમંતભાઈ શાહની છેલ્લા નવ વર્ષથી ગાંધીનગર સમાચારમાં પણ કાવ્યકૃતિઓ પ્રસિદ્ધ થતી રહી છે અને તેમને આ સારસ્વત સન્માન છેલ્લા ચાર વર્ષથી પ્રાપ્ત થતુ રહ્યું છે. તેઓની પાટણથી પ્રસિદ્ધ થતાં 'પરમતત્વ'માં પણ કાવ્યકૃતિઓ પ્રસિદ્ધ થતી રહી છે. આ ઉપરાંત તેઓ ઉત્થાન, પેન્શનર-પ્રદાન, શબ્દ સુધા-સેતુ, ગુજરાત સમાચાર, સાહિત્ય પ્રસાદ,



તથ્ય તથા ગુજરાતના દિપોત્સવી અંકોમાં પણ અવારનવાર કૃતિઓ રજૂ કરતા રહ્યા છે. તેમનો કાવ્ય સંગ્રહ સમ્યકદર્શન તેમજ સમશ્લોકી ભાવાનુવાદ ગ્રંથ શ્રી વલ્લભદર્શન તેમના અમૃત પર્વમાં પ્રકાશિત થયા છે. ગાંધીનગર સમાચાર તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે.

## માહિતી ખાતાના સહયોગથી નગરમાં પીયુ મન ભાવન નાટક યોજાયુ

ગાંધીનગર, તા. ૨૮

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા તરફથી ઉજવાતા મહિલા સશક્તિકરણ પખવાડિયાના સમાપન સમારોહ પ્રસંગે માહિતી ખાતાના સહયોગથી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગરના ઓડીટોરીયમમાં 'પીયુ મનભાવન' નામક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ગાંધીનગરની મહિલા અગ્રણીઓ દ્વારા દિપ પ્રાગટ્યથી કરી હતી. સંસ્થાના પ્રમુખ શ્રીમતિ શર્મીષ્ઠાબેન દવેએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા હતા. અને મહિલા સંસ્થાના અગ્રણીઓ તેમજ નાટ્ય કલાકારોનું ફૂલછડીથી સ્વાગત કર્યું હતું. ગાંધીનગરની અગ્રણી મહિલા સંસ્થાઓના અગ્રણીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.



જેમાં અગ્રણી એડવોકેટ શ્રીમતિ રેખાબેન પટેલ, ગાંધીનગર લાયોનેસ પ્રમુખ ચંદાબેન યાદવ, જયોતિ મહિલા મંડળના શ્રીમતિ લતાબેન ચોકસી, સીનીયર સીટીઝન કાઉન્સીલની મહિલા પાંખના કન્વીનર શ્રીમતિ મીનાબેન શાહની ઉપસ્થિતિ નોંદનીય હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની સભ્ય બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી મહિલા સશક્તિકરણના આ સમાપન આયોજનને સફળ બનાવ્યું હતું.

'પીયુ મનભાવન' નાટ્ય રચના ગાંધીનગરનાં જ કલાકારોનું સર્જન છે. કુંતલ નીમાવત દ્વારા નિર્મિત અને દિવ્યકાન્ત વર્માનું દિગ્દર્શન હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ચેતનાબેન બુચે કર્યું હતું. સંસ્થાનો પરિચય તેમજ પ્રવૃત્તિ અહેવાલ મંત્રી લીનાબેન મહેતાએ રજૂ કર્યો હતો. આભારવિધિ શ્રીમતિ મંજુલાબેન ભલગામીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાની કારોબારી તેમજ સ્ટાફની બહેનોએ જહેમત ઉઠાવી હતી. માહિતી વિભાગ દ્વારા આ નાટ્ય શૉ નું આયોજન મહિલા સંસ્થાઓ દ્વારા મહિલાઓ માટે ખાસ કરવામાં આવ્યું હતું.

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં જાપાન દેશની ટોયોટો કંપનીના પૂર્વ અધ્યક્ષ નિધન પામનાર વ્યક્તિનું નામ શું છે?
→ **ઈજી તોયોદા**
૨. મિસ વર્લ્ડ-૨૦૧૩ની વિજેતા કોણ છે?
→ **મેગન યંગ, ફિલીપાઇન્સ**
૩. મિસ વર્લ્ડ ૨૦૧૩ની પ્રતિયોગિતા કયા દેશમાં યોજાઈ હતી?
→ **ઇન્ડોનેશિયા**
૪. મિસ વર્લ્ડ ૨૦૧૩ની પ્રતિયોગિતા ઈન્ડોનેશિયાના કયા સ્થળે યોજવામાં આવી હતી?
→ **નાસા દુઆ કન્વેશન સેન્ટર**
૫. ૨૦૧૩માં યોજાયેલી મિસ વર્લ્ડ કેટલામી પ્રતિયોગીતા છે?
→ **૬૩મી**
૬. મિસ વર્લ્ડ-૨૦૧૩ વિજેતા મેગન યંગને કોના દ્વારા તાજ પહેરાવવામાં આવ્યો હતો?
→ **પૂર્વ મિસ વર્લ્ડ - યૂ વેન્જીયા**
૭. ૨૦૧૩માં દક્ષિણ એશિયાઇ પ્રવાસી ભારતીય સમુદાયના ઉત્કૃષ્ટ સદસ્ય પુરસ્કારથી કોણ સન્માનિત કરવામાં આવ્યા હતા?
→ **ભારતીય મૂળના મૂર્તિ કેવલરામ ચનરાઇ**
૮. ૨૦૧૩નો દક્ષિણ એશિયાઇ પ્રવાસી ભારતીય સમુદાયના ઉત્કૃષ્ટ પુરસ્કાર મુરલી કેવલરામ ચનરાઈને કોના દ્વારા આપવામાં આવ્યો હતો?
→ **સિંગાપુરના રાષ્ટ્રપતિ ટોની ટૈન કૈંગ યામ**
૯. ૨૦૧૩નો અમેરિકા નેશનલ બુક પ્રાઇસના વિજેતા કોણ છે?
→ **જેમ્સ મૈકબ્રાઇડ**
૧૦. કયા પુસ્તક બદલ જેમ્સ મૈકબ્રાઇક અમેરિકી નેસનલ બુક પ્રાઇઝ-૨૦૧૩ના વિજેતા બન્યા હતા?
→ **'ધ ગુલ બોર્ડ બર્ડ'**
૧૧. 'ઓર્ડર ઑફ ધ રાઈઝીંગ સન-ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' કયા દેશનો રાષ્ટ્રીય પુરસ્કાર છે?
→ **જાપાન**
૧૨. ૨૦૧૩માં 'ઓર્ડર ઓફ ધ રાઈઝીંગ સનગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' પુરસ્કાર સમારોહ જાપાનમાં કયા યોજાયો હતો?
→ **ટોકયો, ઇમ્પિરિયલ પેલેસ**
૧૩. ૨૦૧૩માં આઉટ સ્ટેડિંગ અમેરિકન બાઇ ચોઇસ પુરસ્કારથી કોણે પુરસ્કૃત કરવામાં આવ્યા?
→ **ભારતીય મૂળના રાહુલ જિંદાલ**
૧૪. ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં કઇ રેલવેલાઈનનો પ્રારંભ કરાવ્યો હતો?
→ **કટરા-ઉધમપુર રેલવેલાઇન**
૧૫. ૨૦૧૪માં દેશની પ્રથમ સેમીબુલેટ ટ્રેનનું કયા બે શહેર વચ્ચે પરીક્ષણના ભાગરૂપે દોડાવવામાં આવી હતી?
→ **દિલ્હી અને આગ્રા**
૧૬. ૨૦૧૪માં નિધન પામનાર ઈસ્માઈલ સુલેમાન કયા ક્ષેત્ર સાથે સંકળાયેલાં હતા?
→ **શિલ્પકલા**
૧૭. ૨૦૧૪માં રાષ્ટ્રીય ક્રિકેટ અકાદમીના નિર્દેશક પદે કોની વરણી કરવામાં આવી છે?
→ **બ્રિજેશ પટેલ**
૧૮. ૨૦૧૪માં ભારત દ્વારા કયા વ્યક્તિની યાદમાં ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે?
→ **જગજીતસિંહ**
૧૯. ૨૦૧૪માં ન્યાયિક નિમણૂંક આયોગની રચના માટે તાજેતરમાં કેટલામું સંવિધાન વિધેયક પસાર થયું?
→ **૨૦મું**
૨૦. રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઉડાન વિશ્વ વિદ્યાલયની સ્થાપના ભારતના કયા રાજયમાં કરવામાં આવશે?
→ **ઉત્તરપ્રદેશ**

## હમ કરેં રાષ્ટ્ર આરાધન... જીન્સ જનરેશનમાં રાષ્ટ્રભક્તિના ગીતોનો જોશ!!

### ભારત વિકાસ પરિષદની રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં ભારતનાં વિવિધ ક્ષેત્રના એવોર્ડની માહિતીની થિમ પર દેશભક્તિના ગીતોની સ્કૂલી વિદ્યાર્થીઓ દ્વારા દમદાર રજૂઆત : બ્રાઇટ વિકટરી અને દિલ્હી પબ્લીક સ્કૂલે વિજેતા ટ્રોફી સાથે વંદે માતરમ્‌નો નારો લગાવ્યો

ભારત વિકાસ પરિસદ ૧૯૬૩થી ભારતમાં કાર્યરત છે. માતૃભૂમિ પ્રત્યે સમર્પણ અને ભારતીય જીવન મૂલ્યોને વરેલી સંસ્થા સ્વામિ વિવેકાનંદના વિચાર સરણીને અપનાવી સર્વધર્મ સમભાવ અને વિશ્વબંધુત્વની ભાવના સાથે આધ્યાત્મિક ઉત્થાનના કાર્યમાં લાગેલી છે. સંપર્ક-સહયોગ-સંસ્કાર-સેવા અને સમર્પણના પાંચેય ધ્યેય પૂર્ણ કરવાનો એમનો સંકલ્પ છે. પચાસ વર્ષથી ભારતના દરેક ક્ષેત્રમાં સંસ્થા વિચારશીલ અને સમર્પિત ઉત્સાહી સ્વયંસેવકોથી ચાલી રહી છે.

રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાએ ભારત વિકાસ પરિષદની આગવી ઓળખ છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ સ્પર્ધા પ્રત્યેક વર્ષે એનો વ્યાપ વધારતી જ જાય છે. ભારતભરમાંથી લગભગ ૫૦૦૦ હજારથી વધુ શાળાનાં વિદ્યાર્થીઓ એમનાં સૂરીલા કંઠમાં દેશભક્તિ ગીતોનું મુધુરુ ગાન કરે છે. ગાંધીનગરમાં આ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા ૧૯૯૬થી યોજાઈ રહી છે. આ વખતે ગર્વ લઈ શકાય એવી બાબત એ રહી છે કે, સ્પર્ધાના સંયોજક હીના દવે અને તરૂણ ઠક્કરની આગેવાની હેઠળ સંપૂર્ણ યંગ બ્રિગેડ રાષ્ટ્રભાવથી છલકતાં ગીતોની સ્પર્ધા માટે દિવસ-રાત એક કરી તૈયારી કરી હતી. જેમાં એમનો જોમ-જુસ્સો અને ઉત્સાહ છલકાતો સ્પષ્ટ જોઈ શકાતો હતો.

રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓએ પ્રાથમિક માધ્યમિક અને સંસ્કૃત વિભાગમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય વિરરસ ગીત ગાવામાં પોતાનું યોગદાન આપનારી શાળામાં અંધશાળા સેક્ટર-૧૬, બ્રાઇટ ઈન્ટરનેશનલ સ્કૂલ, બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળા, બ્રાઈટ વિકટરી, ક્રિસ્ટલ પબ્લીક સ્કૂલ, ફતેપુરા નારીગૃહ પ્રાથમિક શાળા, બ્રાઈટ ગુજરાતી મિડિયમ સ્કૂલ, દિલ્હી પબ્લીક સ્કૂલ, એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, શેઠ સી.એમ. સ્કૂલ, શ્રી સરસ્વતી શિશુ મંદિર સેકટર-૧૭, બ્રાઈટ સ્કૂલ કરાઈ પોલીસ એકેડમી મુખ્ય હતી.

રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં ભાગ લઈ એમાં ગવાતાં ગીતો માટે એક ખાસ 'ચેતના કે સ્વર' પુસ્તિકા સૌને આપવામાં આવે છે અને સાત મિનિટમાં એમને એમની રચના પ્રસ્તુત કરવાની રહે છે. વીરરસથી છલોછલ દરેક ગીત સાંભળતાં જ રૂંવાડા ઉભા થઈ જાય છે... આ વખતની સ્પર્ધામાં 'હમ બંગાળી હમ્ પંજાબી', 'રાષ્ટ્ર કી જય ચેતના', 'અપની ધરતી અપના અંબર', 'ક્રાંતિ કી મશાલ સે', 'હમ કરે રાષ્ટ્ર આરાધન', 'અબ જગ ઉઠો, કમર કસો', 'કભી ના રોક સકે હમકો,', 'કોટિ કોટિ કંઠોને ગાયા' જેવા લોહી ધગધગતું કરતાં ગીતોની વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુતિ અદ્‌ભૂત હતી.



ભારત વિકાસ પરિષદ આ સ્પર્ધામાં દર વખતે કંઈક વિશેષ થીમ સાથે આવે છે. આ વખતે એમણે વિવિધ ક્ષેત્રે અપાતાં એવોર્ડ અને પારિતોષિકની માહિતી સાથે સૌનું જ્ઞાન વધારી અને કાર્યક્રમને છેક સુધી માણવામાં જેવા બનાવી રાખ્યો... ભારત રત્ન, પદ્મવિભુષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી, પરમવીર ચક્ર, મહાવરી ચક્ર, વીર ચક્ર, અશોક ચક્ર, કીર્તિ ચક્ર, શૌર્ય ચક્ર, રાજીવ ગાંધી ખેલ રત્ન, અર્જુન પુરસ્કાર, દ્રોણાચાર્ય પુરસ્કાર, ધ્યાનચંદ પુરસ્કાર, જ્ઞાનપીઠ પુરસ્કારની સવિસ્તાર રસપ્રદ માહિતી કાર્યક્રમનાં સૂત્રસંચાલક હિરવા શુક્લ અને કુંજ પટેલે આપી હતી.



ઉઘડતે પડદે

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

અત્યંત રસાકસી ભરેલી આ સ્પર્ધામાં એમ.બી. પટેલ સ્કૂલનો એક વિદ્યાર્થી યુથ એક્સચેન્જ અંતર્ગત ઈન્ડોનેશિયાથી આવ્યો હતો જેણે સંસ્કૃત ગીત ગાયેલું... સમારંભમાં ઈનામ વિતરણ સમારંભમાં અધ્યક્ષ પદે કલ્પતરૂ કંપનીના ફાઈનાન્સ ડાયરેકટર કમલ જૈન અને મુખ્ય અતિથિ તરીકે ઓ.એન.જી.સી. ગ્રુપ જનરલ મેનેજર ભુવનેશ્વર ચતુર્વેદી ખાસ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્પર્ધાના પરિણામને લઈ ઉપસ્થિત સૌને ઈંતેજારી હતી અને પ્રાથમિક વિભાગમાં બ્રાઈટ વિકટરી સ્કૂલ, માધ્યમિક વિભાગમાં દિલ્હી પબ્લીક સ્કૂલ અને સંસ્કૃત વિભાગમાં એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલનાં વિદ્યાર્થીઓએ વિજેટા ટ્રોફી મેળવી વંદે માતરમ્‌નો નારો લગાવ્યો હતો... ભારત વિકાસ પરિષદના પ્રમુખ હેમંત સુથારે સમગ્ર કાર્યક્રમને રાષ્ટ્રભાવનાથી રંગવા સૌને પ્રેરકબળ પુરૂં પાડ્યું હતું. હેમંત સુથાર ગાંધીનગર સમાચારમાં એમની વન્યપ્રાણી જીવનની કટાર દ્વારા અદ્‌ભૂત માહિતી રસપ્રદ રીતે પુરી પાડતાં હોય છે.

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરની ટીમ 'ગુરુ વંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમ દ્વારા ગુરૂ-શિષ્ય પરંપરાની ઉજવણી કરે છે. કોઈક સ્કૂલમાં જઈ ત્યાંના પ્રતિભાવંત વિદ્યાર્થીનું સન્માન કરી ગુરૂપૂજન અને પ્રણામનો સરસ કાર્યક્રમ કરે છે... આમની યુવા ઉત્સાહથી છલકાતી ટીમ સે-૧૩માં આવેલી ઝુંપડપટ્ટીના આર્થિક-સામાજિક પછાત બાળકો સાથે એમનો કિંમતી સમય વિતાવે છે. એમને જ્ઞાન સાથે ગમ્મત પુરૂં પાડતાં ગણિત-ગુજરાતી પણ શીખવે છે અને સ્વચ્છતા સાથે આવતાં બાળકો પ્રોત્સાહક ઈનામો પણ આપે છે. આજની સ્પર્ધામાં જીન્સ-સફેદ ટી શર્ટ પર ત્રિરંગા થિમ સાથેનાં આ યુવાનો ઉજ્જવળ ભારતની પ્રતીતિ કરાવતા હતા.

આ સ્પર્ધામાં પ્રથમ આવેલી સ્કૂલ રાજય કક્ષાએ જશે. આ સ્પર્ધા છેક રાષ્ટ્રકક્ષાએ યોજાય છે અને તંદુરસ્ત હરિફાઈ થાય છે. નોંધવા જેવી વાત એ છે કે આ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા વખતે ભૂતકાળમાં રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેન, જ્ઞાની ઝૈલસિંગ, નિલમ સંજીવ રેડ્ડી આ કાર્યક્રમમાં એમની હાજરી આપી ચૂક્યા છે... ગાંધીનગરની યુવા ટીમમાં મેધાવી વઘાશિયા, ગાર્ગી ઠક્કર, અંકિત ખરાડી અન્ય સાથે મંત્રી મુકેશ રાવલ અને ધર્મેન્દ્ર પંડ્યા, પ્રમોદ પાઠક, ગીતાબેન જેટલી જેવાં અનુભવીનું માર્ગદર્શન એટલું જ ઉપયોગી રહે છે.

રાષ્ટ્રીય સમૂહગાનમાં સ્કૂલના વિદ્યાર્થીઓ અને આયોજક યુવા ટીમનો જોશ જબરદસ્ત હતો... આટલી સુંદર સ્પર્ધામાં હજુ વધુ સ્કૂલો જો જોડાઈ શકે તો સ્પર્ધા વધુ તંદુરસ્ત બની શકે. ભાગ લેનારાં સૌને પ્રમાણપત્ર જો અપાય તો ભાગ લેનારનો ઉત્સાહ બેવડાઈ જાય... રાષ્ટ્રગીતનાં આ ભવ્ય અભિયાનમાં આવતાં વર્ષે એટલી સ્કૂલો જોડાય કે આયોજકોને ઓડિશન લેવું પડે એવી શુભેચ્છાઓ... નિર્ણાયક ઉદય શુક્લ -સુરેશ રત્નોત્તર, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાલીઓ સૌ વંદનને પાત્ર છે... સુંદર સ્પર્ધાના સંપન્ન સમયે 'રાષ્ટ્ર દેવો ભવઃ'.